લાયક વિદ્યાર્થી આર્થિક સગવડતાના અભાવે આગળ ભણી ન શકે એવું શા માટે ?

# વિદ્યાર્થીઓનાં ઉજળાં ભવિષ્ય માટે એક શિક્ષકનો અનોખો શિક્ષણયજ્ઞ

## 'આ છોકરાઓમાંથી કોઈ એક-બે જણા પણ નોકરીએ લાગશે ત્યારે તેમનાં કુટુંબોને મોટી નિરાંત થઈ જશે !' : હરેશભાઈ જોષી

ગાંધીનગર, તા. ૧૨

આપણે ત્યાં પ્રાથમિક શિક્ષણ વિદ્યાર્થીઓને નિ:શુલ્ક મળી રહે એવી વ્યવસ્થા સરકાર દ્વારા અમલી છે, પરંતુ વિદ્યાર્થી એથી વધુ ભણવા ઈચ્છે અને એની પાસે નાણાંની સગવડ ન હોય તો ? માતા-પિતા એને વધુ ભણાવવા સક્ષમ ન હોય તો ? બંને સવાલોનો જવાબ આપણને સૌને ખબર છે : 'વિદ્યાર્થીએ અભ્યાસ છોડીને કામ પર લાગી જવાનું.' જેનાથી વિદ્યાર્થીનો અભ્યાસ અને પ્રગતિ બેય અટકી જાય છે.



રાજયભરમાં અનેક વિદ્યાર્થીઓ આ સમસ્યાથી પીડાઈ રહ્યા છે, સિવાય કે બહુચરાજી. બહુચરાજીમાં થોડાક વિદ્યાર્થીઓનો વર્ગ એવો છે જેમની પાસે નાણાંની ભીડ તો છે પણ એનાથી એમના અભ્યાસ પર કોઈ અસર નથી પડી અને તેઓ સફળતાપૂર્વક માધ્યમિક કક્ષાનો અભ્યાસ કરી રહ્યા છે. અને તેમને આ સફળતા અપાવી રહ્યા છે આજીવન શિક્ષક હરેશભાઈ જોષી.

બહુચરાજીના રહેવાસી હરેશભાઈનું આમ વિદ્યાર્થી માટે ચિંતન કે ધોરણ-૮ પછી ભણવા ઈચ્છનાર, લાયક વિદ્યાર્થી આર્થિક સગવડતાના અભાવે આગળ ભણી ન શકે એવું શા માટે ? અને એ ચિંતનના પરિપાકરૂપે આવા વિદ્યાર્થીઓને અભ્યાસ માટે આર્થિક સગવડ ઊભી કરવાનો યજ્ઞ પણ એમણે આરંભી દીધો.

બહુ નમ્રતાથી એમણે પોતાનો આ વિચાર મિત્રો અને બહુચરાજીના નાના-મોટા વેપારીઓ સમક્ષ મૂક્યો. વિચાર ઉમદા હતો તેથી ઝીલાયો ને બે-ત્રણ વિદ્યાર્થીઓના અભ્યાસની વ્યવસ્થા થઈ ગઈ. એ પછી એમના છાત્રાવાસ માટે ચિંતન થયું ને ઉપાય માટે સહાયભૂત થયા એમના શિક્ષક મિત્ર ભૂપેશભાઈ રાવલ, જેઓ હાલ શંખેશ્વર ઉચ્ચતર ઉત્તર બુનિયાદી વિદ્યાલયના આચાર્ય છે. તેમણે વિદ્યાર્થીઓના છાત્રાવાસની વ્યવસ્થા કરી આપી. એ પછી હરેશભાઈએ પોતાની વાતને વિસ્તારી અને વિદ્યાર્થીઓ માટે ભોજન, ગણવેશ વગેરેની વ્યવસ્થા પણ કરાવી આપી ને વિદ્યાર્થીઓના હિતમાં છાત્રાવાસનું સમારકામ પણ તેમણે કરાવી આપ્યું.

તેમની આ ઉમદા સેવા બદલ ગ્રામસેવા મંડળે તાજેતરમાં તેમનું સન્માન પણ કર્યું, જેમાં ઉચ્ચારાયેલા હરેશભાઈના શબ્દો : 'આ છોકરાઓમાંથી કોઈ એક-બે જણા પણ નોકરીએ લાગશે ત્યારે તેમનાં કુટુંબોને મોટી નિરાંત થઈ જશે !' માત્ર વિદ્યાર્થીઓની જ નહીં તેમનાં કુટુંબોની પણ ચિંતા ! એક સાચા જીવન શિક્ષક !

વાત જેમ વિસ્તરતી જાય છે તેમ હરેશભાઈ તરફ આહૂતિનો પ્રવાહ વધતો જાય છે. આઠ દાતાઓ તો એવા મળ્યા છે જે દર વર્ષે આ સેવાયજ્ઞમાં રૂપિયા બે હજારની આહૂતિ આપવા વચનબદ્ધ થયા છે.

હરેશભાઈનો આ યજ્ઞ હાલ દિવ્યતાથી પ્રજળી રહ્યો છે અને અનેક વિદ્યાર્થીઓનું ભવિષ્ય ઉજાળી રહ્યો છે. યાદ રહે કે આ યજ્ઞ જેટલી વધુ દિવ્યતાથી પ્રજળશે એટલા વધુ વિદ્યાર્થીઓનાં ભવિષ્ય ઉજળાં થશે. આપ પણ આ યજ્ઞમાં આહૂતિ આપવા ઈચ્છો કે કમ-સે-કમ હરેશભાઈને અભિનંદન આપવા ઈચ્છો તો આપી શકો છો. એમનો મોબાઈલ નંબર છે : ૯૨૨૮૪ ૬૬૦૬૬.



દબાણ મુક્ત ગાંધીનગર - શહેરમાં દબાણ હટાવો અભિયાન સતત ત્રીજા દિવસે પણ યથાવત રહ્યું હતું... લારી-ગલ્લા હટાવ્યા બાદ, ઝુંપડાઓ હટાવવા માટે પણ તંત્ર ત્રાટક્યુ હતું. સેક્ટર-૧૬ના કેટલાક ગેરકાયદેસર ઝુંપડાઓને હટાવવા તંત્ર દ્વારા ભારે મહેનત કરાઈ હતી. (તસવીર : દિપક જાની)

# સે-૧૧માં શોપીંગ કોમ્પ્લેક્ષના બેઝમેન્ટ ખોલવા નોટીસ

## બી.યુ. પરમીશનનો ભંગ કરવા બદલ પાંચેય કોમ્પ્લેક્ષ સીલ કરી કડક પગલા ભરવા કલેકટરને એએસપીએ પત્ર લખ્યો

ગાંધીનગર, તા.૧૨

શહેરના સેકટર-૧૧માં સ્થિત પાંચ મોટા કોમર્શીયલ કોમ્પ્લેક્ષોનો જયારે સ્ટ્રકચર પ્લાન બનાવી તંત્ર પાસેથી પ્લાન મંજુર કરાવાયો ત્યારે તેના બેઝમેન્ટમાં પાર્કીંગ રાખવામાં આવ્યું અને ત્યાર બાદ હવે બેઝમેન્ટમાં પાર્કીંગના બદલે ગોડાઉન કરી દેવાતા પાર્કિંગનો ખુબ મોટો પ્રશ્ન ઉદભવ્યો છે અને સે-૧૧માં પાંચેય મોટા કોમ્પ્લેક્ષ બહાર દરરોજ હેવી ટ્રાફીકની સમસ્યા માથાના દુખાવા સમાન બની ગઈ છે. જેને પગલે એએસપી કરણરાજ વાઘેલાએ કડક વલણ રાખીને પાંચેય કોમ્પ્લેક્ષના બેઝમેન્ટ ખોલી પાર્કીંગની વ્યવસ્થા આપવા નોટીસ ફટકારી છે. જો કે નોટીસ બાદ પણ કોમ્પ્લેક્ષ સંચાલકોનું પેટનું પાણી ન હલતા હવે કલેકટરને પણ કરણરાજ વાઘેલાએ બી.યુ. પરમીશનનો ભંગ કરવા બદલ પાંચેય કોમ્પ્લેક્ષ સીલ કરી કડક પગલા ભરવા પત્ર લખ્યો છે. હવે જોવું રહ્યું કે જિલ્લા કલેકટર આ ગંભીર પ્રશ્નને કેટલા ગંભીરતાથી લે છે અને જટીલ પ્રશ્નનો નિવેડો લાવવા શું પગલા ભરે છે.

**બિલ્ડીંગના પ્લાન પ્રમાણે કોમ્પ્લેક્ષના બેઝમેન્ટમાં પાર્કીંગ છે પરંતુ હાલ ગોડાઉન નબવીદેવાતા ટ્રાફીકની સમસ્યા ભયંકર થઈ છે**

શહેરના સેકટર-૧૧માં કોમર્શીયલ કોમ્પ્લેક્ષો બહાર આડેધડ વાહન પાર્કીંગ તથા જરુર કરતા ખુબ જ ઓછી પાર્કીંગની જગ્યા હોવાના કારણે દરરોજ આ વિસ્તારમાં ચક્કાજામની સ્થિતિ સર્જાય છે. તંત્ર પાસેથી બિલ્ડીંગનો પ્લાન પાસ કરાવતી વખતે કોમ્પ્લેક્ષના બેઝમેન્ટને પાર્કીંગ દર્શાવ્યા બાદ બી.યુ. પરમીશન મેળવવામાં આવી હતી. ત્યાર બાદ આ કરોડોના બેઝમેન્ટ વાહનો મુકવા ન રખાય તે નીતી અપનાવી લેવામાં આવતા આ સમગ્ર મુશ્કેલી સર્જાઈ છે. બેઝમેન્ટ ખોલીને ત્યાં વાહન પાર્કીંગ શરૂ કરી દેવામાં આવે તો સે-૧૧માં ટ્રાફીક જામની વિકટ બનેલી પરિસ્થિતિનો સહેલાઈથી અંત આવી જાય તેમ છે પરંતુ આ બેઝમેન્ટ ને ગોડાઉન બનાવી દેવાયા હોવાથી પાર્કીંગ માટે કોમ્પ્લેક્ષ માલિકોને બેઝમેન્ટ આપવામાં રસ નથી. આ અંગે એએસપી કરણરાજ વાઘેલાએ હવે કડક વલણ રાખી તમામ પાંચ કોમ્પ્લેક્ષને નોટીસ ફટકારી અને બેઝમેન્ટ ખોલીને પાર્કીંગ કરવા આક્ષેપ કર્યો છે. આ વાતને દસ દિવસ થઈ ગયા બાદ પણ કોમ્પ્લેક્ષ સંચાલકોનો કોઈ રીપ્લાય ન મળતા આખરે કરણરાજ વાઘેલાએ આ તમામ પાંચ કોમ્પ્લેક્ષને બી.યુ. પરમીશનનો ભંગ કરવા બદલ સીલ મારી દેવા કલેકટરને પત્ર લખ્યો છે.

# સતત ત્રીજા દિવસે શહેરનું વાતાવરણ પલ્ટાયુ



(તસવીર : દિપક જાની)

ગાંધીનગર, તા.૧૨

ચોમાસાના આગમનની ઘડીઓ ગણાઈ રહી છે ત્યારે સતત ત્રીજા દિવસે શહેરનું વાતાવરણ પલ્ટાયું છે. આકાશમાં વાદળોનો ઘેરાવો થાય છે અને ઠંડો પવન ફુંકાય છે પરંતુ વરસાદ પડતો નથી.

વિધિવત ચોમાસુ બેસે તે પહેલાની ગતિવિધિઓ શરૂ થઈ ચુકી છે. છેલ્લા કેટલાક દિવસોથી વાતાવરણ સતત બદલાતુ રહ્યું છે. વાતાવરણમાં અવારનવાર પલ્ટો આવી જાય છે. આજે પણ બપોર બાદ વાતાવરણ થોડુંક પલ્ટાયું હતું. આકાશમાં વાદળો ઘેરાઈ આવ્યા હતા. ઠંડો પવન શરૂ થયો હતો. વાતાવરણમાં પલ્ટો આવતા અને ઠંડો પવન શરૂ થતાં તાપમાન નીચું આવ્યું છે. પંદર દિવસ અગાઉ મહત્તમ તાપમાન જે ૪૨-૪૩ ડિગ્રી નોંધાતું હતું તેના સ્થાને છેલ્લા એક અઠવાડિયાથી મહત્તમ તાપમાન ૩૫-૩૬ ડિગ્રીની આસપાસ રહે છે. જો કે લઘુત્તમ તામપાનમાં કોઈ વધુ ફેરફાર જોવા મળતો નથી. આજે લઘુત્તમ તાપમાન ૨૮ ડિગ્રી નોંધાયું હતું જયારે ભેજનું પ્રમાણ સવારે ૫૮ ટકા અને સાંજે ૫૩ ટકા નોંધાયું હતું.

● અનુસંધાન પાન-૭ પર

# અંદાજપત્રીય બાબતોને વહીવટી મંજુરી સહીતની બાબતોની મુખ્યમંત્રી કક્ષાએ સમીક્ષા

ગાંધીનગર, તા.૧૨

રાજયની વર્ષ ૨૦૧૫-૧૬ની અંદાજપત્રીય બાબતોને મંજુરી આપવા સહીતની બાબતો અંગે ટૂંક સમયમાં મુખ્યમંત્રી કક્ષાએ સમીક્ષા કરવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

નાણા વિભાગ સાથે સંકળાયેલ સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ વર્ષ ૨૦૧૫-૧૬ માટેની અંદાજપત્રીય બાબતોને વહીવટી મંજુરી આપવા અંગે ઉચ્ચ અધિકારીઓની મળેલી બેઠકમાં ચર્ચા હાથ ધરવામાં આવી હતી. જે નાણા વિભાગના સચિવ (ખર્ચ) એવું જણાવ્યું હતું કે ચાલુ બાબતો પૈકીની ૯૦ ટકા બાબતોને વહીવટ મંજુરી પ્રદાન કરવામાં આવી છે.

આ ઉપરાંત નવી બાબતો પૈકીની અંદાજિત ૫૦ ટકા જેટલી નવી બાબતોને વહીવટી મંજુરી આપવામાં આવી છે. આ વિગતો રજૂ થતાં મુખ્ય સચિવે જે બાબતોને વહીવટી મંજુરી આપવાની પડતર છે તે અંગે સત્વરે કાર્યવાહી હાથ ધરવાની સૂચના આપવા સાથે માત્ર વહીવટી મંજુરી આપવાથી જ નહીં અટકી જઈને ખરેખર જે તે યોજના કામ બાબતે નકકર કામગીરી થાય તે સુનિશ્ચિત કરવા સર્વે વિભાગોને સચિવોને સૂચના આપવામાં આવી છે. પ્રાપ્ત વિગતો મુજબ વહીવટી મંજુરીઓ સમયસર નહી આપવાને કારણે યોજનાકીય ખર્ચ પૂરો થઈ શકતો ન હોઈ વિભાગોને વહીવટી મંજુરીઓ સત્વરે આપવા સુચના આપવામાં આવી છે.

# બજેટની જોગવાઈમાં રિસર્વેનો ખર્ચ અધધધ છે કાપ મુકો : કોંગ્રેસ

## અંદાજપત્રની જોગવાઈઓ આડેધડ કરાઈ હોવાથી ૨૫ જેટલી સુધારા દરખાસ્તો રજુ કરતા પ્રવિણ પટેલ અને પિન્કીબેન પટેલ

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગર મહાનગરપાલિકાના સામાન્ય અંદાજપત્રમાં મિલ્કત વેરાની નવી આકારણી માટે રિસર્વે કરવાની દરખાસ્તમાં ખર્ચ રૂ. ૫૦ લાખ દર્શાવાયો છે તે ઘટાડીને ૩૦ લાખ રૂ. જ કરવાની માંગ સાથે સુધારા દરખાસ્ત કોંગીના પૂર્વ ચેરમેન શ્રી પ્રવિણભાઈ પટેલ અને શ્રીમતિ પિન્કીબેન પટેલે કરી છે.

ગાંધીનગર શહેરના મિલ્કતવેરાની નવી આકારણી માટે મિલ્કતોના રિસર્વેનો જે ખર્ચ અંદાજવામાં આવેલ છે તે રૂ. ૫૦ લાખ છે. જ્યારે એક સેકટરનો આકારણી ખર્ચ ૧ લાખ રૂ. થી વધારે થાય નહિ. આધુનિક ટેકનોલોજીનો ઉપીયોગ કરવામાં આવે તો આ ખર્ચ હજુ પણ ઘટી શકે.

કોંગ્રેસના આ બે કાઉન્સીલરોએ શહેરના મિલ્કતવેરા માટે રિસર્વે પર એવુ કહ્યું છે કે કેટલાક સેક્ટરોમાં તો માત્ર સરકારી આવાસો છે અને

● અનુસંધાન પાન-૭ પર

# પુરુષોત્તમ માસ અને રમઝાન માસનો એક સાથે પ્રારંભ થશે

## ઉપવાસ અને રોઝા કરવાના આ માસમાં ફળોના ભાવ આસમાને પહોંચશે : તૈયારીઓ શરૂ

ગાંધીનગર, તા.૧૨

આગામી અઠવાડિયા દરમિયાન ૧૭મી જુનની આસપાસ હિન્દુ અને મુસ્લિમ ધર્મના બે પવિત્ર માસનો પ્રાંરભ એક સાથે થઈ રહ્યો છે. ઉપવાસ અને રોઝ રાખી ઈશ્વરની સતત ઉપાસના કરવાના આ માસમાં શહેરમાં ધાર્મિક વાતાવરણ છવાયેલું જોવા મળશે.

હિન્દુઓમાં પવિત્ર પુરુષોત્તમ માસનું ખુબ મહત્વ છે તેવી જ રીતે મુસ્લિમોમાં રમઝાન માસ ખુબ પવિત્ર ગણાય છે. બંને ધર્મોના આ પવિત્ર માસનો પ્રારંભ ૧૭ જુનની આસપાસ થઈ રહ્યો છે. પુરુષોત્તમ માસ અમાસથી શરૂ થશે અને મુસ્લિમો એકમનો ચંદ્ર દેખાયા પછી રોઝા શરૂ કરશે.

પુરુષોત્તમ માસ દરમિયાન વિવિધ ધાર્મિક પ્રવૃત્તિઓ, અનુષ્ઠાનો, કથા અને પાઠનું આયોજન થશે શહેરના મંદિરોમાં તેની તૈયારીઓ શરૂ થઈ ગઈ છે. સમગ્ર માસ દરમિયાન શ્રધ્ધાળુઓ ઉપવાસ કરશે. ઉપવાસ દરમિયાન ફરાળ કરવાનું મહત્વ વધુ છે. ફરાળમાં વપરાતી ચીજવસ્તુઓ બજારમાં દેખાવી શરૂ થઈ ચુકી છે.

રમઝાન માસ પણ આ સમયગાળા દરમિયાન જ શરૂ થશે. મુસ્લિમ બિરાદરો સમગ્ર માસ દરમિયાન રોઝા રાખી આકરી ઉપાસના કરશે. શહેરની મસ્જીદોમાં વિવિધ ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવી રહ્યું છે. પુરુષોત્તમ માસ અને રમઝાન દરમિયાન ફળોનો ઉપયોગ મહત્તમ થતો હોવાથી તેના ભાવો આસમાને પહોંચવાની પુરેપુરી શકયતાઓ છે.

# મચ્છરજન્ય રોગચાળાના નિયંત્રણ હેતુ કર્મચારીઓને માર્ગદર્શન

ગાંધીનગર, તા.૧૨

મચ્છરજન્ય રોગચાળાની ઉત્પત્તિને અટકાવવા હેતુ તાજેતરમાં રાજયના આરોગ્ય વિભાગ દ્વારા સેટકોમ કાર્યક્રમ યોજવામાં આવેલ. આ કાર્યક્રમમાં ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશનની આરોગ્ય શાખાના તથા મેલેરિયા શાખાના કર્મચારીઓએ ભાગ લઈ રોગચાળાને અટકાવવા અંગેનું માર્ગદર્શન મેળવ્યું હતું. બાયસેગના માધ્યમથી યોજાયેલ આ કાર્યક્રમમાં નિષ્ણાતો દ્વારા મચ્છરજન્ય રોગચાળાથી બચવાના ઉપાયો અંગે માહિતી અપાઈ હતી તેમજ ચીકનગુનિયા, ડેન્ગ્યુ અને મેલેરિયા જેવા વાહકજન્ય રોગોની ઉત્પત્તિને અટકાવવા અંગે માર્ગદર્શન અપાયું હતું. મ્યુનિ. કોર્પોરેશનના કોન્ફરન્સ રૂમમાં મુકાયેલા ટીવી સ્ક્રીનના માધ્યમથી કર્મચારીઓએ સમગ્ર કાર્યક્રમમાં ભાગ લીધો હતો જેમાં મચ્છરોની ઉત્પત્તિ ને અટકાવવા અંગેની ચોકકસ અને સચોટ પદ્ધતિ

● અનુસંધાન પાન-૭ પર




દશકોશી ત્રિવેદી મેવાડા બ્રાહ્મણ બેસણું

અમારા પૂજ્ય પિતાશ્રી સ્વ. ગોકળદાસ જયશંકર પંડ્યા (મહારાજ)નું તા.૦૯-૦૬-૨૦૧૫ના રોજ દુ:ખદ અવસાન થયેલ છે. સદ્દગતનું બેસણું તા.૧૪-૦૬-૨૦૧૫નો રવિવારના રોજ સવારે ૯ થી ૧૨ દરમ્યાન રાખેલ છે.

સ્થળ : શ્રી જશાણી માતાજીના મંદિરનો સભાગૃહ, ગામ - લેકાવાડા, તા.જી. ગાંધીનગર.

ગં.સ્વ. પુષ્પાબેન ગોકળદાસ પંડ્યા

પંડ્યા મુકેશકુમાર ગોકળદાસ | ભટ્ટ પ્રવિણાબેન ભૂપેન્દ્રકુમાર
પંડ્યા કુમુદબેન મુકેશકુમાર | જોષી દક્ષાબેન ગીરીશકુમાર
પંડ્યા મનાલી મુકેશભાઈ | પંડ્યા યશ મુકેશભાઈ

પિયરપક્ષનું બેસણું ઉપરના સ્થળ અને સમયે રાખેલ છે
ઉપાધ્યાય ચીનુપ્રસાદ અમથારામ, ઉપાધ્યાય મૌલિક ચીનુપ્રસાદ

ટચુકડી જાહેર ખબર
દર ગુરુવારે-રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧

લવિંગ-ફુદિનાનાં સ્વાદથી સમૃધ્ધ દુનિયાનું સૌ પ્રથમ હર્બલ ધુમપાન જે આપનાં માટે ફાયદાકારક છે
Nirdosh
શરદી, માથાનાં અને શરીરનાં દુખાવા માટે શ્રેષ્ઠ હર્બલ બામ અને તેલ ઓન
હૃદય માટે શ્રેષ્ઠ શેકેલી અળસી
પાન મુખવાસ
100% TOBACCO FREE
દરેક જાણીતા મેડીકલ સ્ટોર્સ પર તથા પાન પાર્લર પર ઉપલબ્ધ.
ગાંધીનગરના વિક્રેતાઓ : જય આયુર્વેદિક સ્ટોર્સ-સેક્ટર-૨૪, +૯૧ ૯૪૨૮૩૫૧૮૨૧ ● ગાંધીનગર આયુર્વેદિક સ્ટોર્સ - મીના બજાર - +૯૧ ૯૭૨૬૬૩૭૨૧૦ ● સંજીવની આયુર્વેદિક - કુડાસણ રોડ - +૯૧ ૯૪૨૭૨૧૮૮૨૨/૯૪૨૮૨૭૭૪૭૦ ● વેલ કેર આયુર્વેદિક એન્ડ કોસ્મેટીક - સેક્ટર-૬/ડી, +૯૧ ૯૮૭૯૩૪૮૦૪૮ ● રાજ આયુર્વેદિક એજન્સી-સેક્ટર-૨૯ - + ૯૧ ૯૪૨૬૫૭૯૮૫૧ ● અંબિકા આયુર્વેદિક એજન્સી-ઘ-૫ સર્કલ, સેક્ટર-૨૨- +૯૧ ૯૯૭૯૨૬૫૩૭૫.

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧
ફોન - ૨૩૨૩૭૫૭૧

૮૭ કાઉન્ટર સાથે એન્જિનિયર્સ અને બિલ્ડર્સનું સૌથી મોટું નેટવર્ક ધરાવતી ફર્મ
UltraTech CEMENT The Engineer's Choice
KAMDHENU STEEL
ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ
ESTD. 1983
કૈલાસ ટ્રેડર્સ
STEEL TIGER એવોર્ડ વિજેતા
● ગોડાઉન : ખ-૨ ચોકડી, સે.૪સી કોર્નર ●
મોબાઈલ : ૯૯૯૮૪૭૩૨૦૦, ૯૮૨૫૯ ૪૭૮૭૮, ૨૩૨ ૨૩૮૦૧
અલ્ટ્રાટેક સિમેન્ટ, કામધેનુ TMT (ISI) સ્ટીલ, કપચી, ગ્રીટ, મેટલ, હિન્દવેર સેનેટરીવેર, સોલીડ કોંક્રીટ બ્રિક્સ (સિમેન્ટ યુઝ્ડ)

ADITYA BIRLA GROUP
લીકેજ-મુક્ત ઘરો માટે
UltraTech SEAL & DRY Total Waterproofing Solution
Waterproofing ka champion
શ્રી સ્વામીનારાયણ એન્ટરપ્રાઈસીસ
એસ-૬, બીજો માળ, અપના બજાર, સેક્ટર-૬, ગાંધીનગર
કોલ કરો : ૯૯૨૫૦ ૩૯૬૭૨, ૭૬૯૮૬ ૮૮૮૧૧.
મકાનના ૧૦૦% વોટર પ્રુફીંગ કામ માટે મળો.

SANGHI CEMENT
KisaN
ashirvad C. PVC, UPVC
TATA STEEL • PIPES • SHEETS
BENELAVE BATH FITTINGS
DR. FIXIT
VINAYAK 500 TMT BARS - ISI
ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જ્હા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com